#073

Big Success from..👉

ઘણા લોકો મોટી સફળતા આવે ત્યારે જ ખુશ થાય છે. પરંતુ સત્ય એ છે કે મોટી સફળતા હંમેશા નાની નાની પ્રગતિઓમાંથી જ બને છે.

એક વિદ્યાર્થી આજે માત્ર 10 મિનિટ વધુ અભ્યાસ કરે — એ નાની પ્રગતિ છે.
એક કર્મચારી આજે ગઈકાલ કરતાં થોડું સારું કામ કરે — એ પણ પ્રગતિ છે.
એક વ્યક્તિ આજે એક ખરાબ આદત છોડવાનો પ્રયાસ કરે — એ તો મોટી શરૂઆત છે.

મિત્રો યાદ રાખીએ..
મોટું વૃક્ષ પણ એક નાનકડા બીજથી શરૂ થાય છે.
નદી પણ નાનકડા ઝરણાથી શરૂ થાય છે.

જો આપણે રોજની નાની પ્રગતિને ઓળખી અને તેની ખુશી મનાવીએ, તો આત્મવિશ્વાસ વધે છે, ઉત્સાહ વધે છે અને આગળ વધવાની શક્તિ મળે છે.

એટલે જ કહેવાય છે ને કે..
“Perfect બનવાની રાહ ન જુઓ… Progress ની ખુશી મનાવો.”

કારણ કે
નાની પ્રગતિઓનો જ સરવાળો એક દિવસ મોટી સફળતા બનાવે છે. s